Extra No. 431

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, DECEMBER 6, 2025 / AGRAHAYANA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪૦/૨૫.-- પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદ હસ્તકની ખંભાત શાખા નહેરની સાં.૭૫,૫૦૦ ફૂટ પરના જુના સ્ટેટ હાઈવે રોડ બ્રીજને સંપુર્ણ તોડી નવેસરથી બોક્ષ ટાઈપ બનાવવાની કામગીરી કરવામાં આવનાર હોઈ, સલામતીના હેતુથી સદર બ્રીજ પર જતા ભારે વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરી રોડ ડાયવર્ઝન કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદનાઓએ તેમના પત્ર નં. પેસિવિ/કેમ્બે-૭૫૫૦૦ ડાયવર્ઝન/૨૩૩૭/૨૦૨૫, તા.૩૦/૧૦/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર ક્ર.સીબી-૫/જાહેરનામું/ડાયવર્ઝન/૧૯૪૭૭/૨૫, તા.૦૮/૧૧/૨૦૨૫, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પેટલાદના પત્ર ક્ર.પીઓએલ/વશી/૨૩૩૭, તા.૧૫/૧૦/૨૦૨૫ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદના પત્ર નં.ઈ-૬/પીબીપ૬૮૯/૨૦૨૫, તા.૧૦/૧૦/૨૦૨૫થી અત્રે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ--૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ભારે વાહનોને ડાયવર્ટ કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

કેનાલ સાં:-

સાં. ૭૫,૫૦૦ ફૂટ (વી.આર.બી. સ્ટ્રકચર)

આણંદ તરફથી તારાપુર તરફ જતા ભારે વાહનો માટે:-

- આણંદથી બાંધણી ચોકડી થી ડાયવર્ટ થઈ પેટલાદ કોલેજ ચોકડી, ધર્મજ ચોકડી તારાપુર તરફ જઈ શકાશે.

તારાપુર તરફથી આણંદ તરફ જતા ભારે વાહનો માટે:

- તારાપુર થઈને આણંદ તરફ જતા ભારે વાહનોને ધર્મજ ચોકડી થઈને પેટલાદ કોલેજ ચોકડી થઈ બાંધણી ચોકડી થઈ આણંદ તરફ જઈ શકશે

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદ ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.પીઓએલ/૨/જાહેર નામુ/એસ. આર./૧૪૧/૨૫.-અધિક સચિવશ્રી (કા.વ્ય) ગૃહ વિભાગ, ગાંધીનગરના વખતોવખતની સુચના મુજબ શ્રી જીવણભાઈ રેવાભાઈ રબારી ધ્વારા દાખલ કરવામાં આવેલ રીટ પીટીશન (PIL) નં.૨૦/૨૦૧૫ તથા ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક. HD/MIS/e.file/8/2025/0778/SB2, તા. ૧૭/૦૯/૨૦૨૫ થી "સ્કાય લેન્ટર્ન" (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી કોઈ અન્ય દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તા અન્વયે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા સુચના થઈ આવેલ છે. જે સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૨૨/૧૨/૨૦૧૫ના હુકમ તથા નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬માં નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના હુકમથી ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વધુમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં. ૩૮૪/૨૦૧૬ તથા -૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્યોના કેસમાં તા.૧૧/૦૭/૨૦૧૭ના હુકમથી - આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે. ઉપસચિવશ્રી (કા.વ્ય) ગૃહ વિભાગ, ગાંધીનગરના ઉપર જણાવેલ પત્રથી નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના હુકમ અન્વય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવા સુચના આપેલ છે.

આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ ઉતરાયણનો તહેવાર ઉજવવામાં આવનાર હોય જે સંબંધે રાજયમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર પ્રતિબંધ મુકવા સારૂ જાહેર નામું બહાર પાડવા સુચના આપવામાં આવેલ હોય. છેલ્લા ઘણા સમયથી લોકો ધ્વારા દિવાળી, ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રીના સમયે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમા આગ લાગે છે. અને તે જમીન ઉપર આવે છે. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડયા પછી ગમે તે સ્થળે પડી શકે છે, પરિણામે આગ લાગવાના પ્રસંગો નકારી શકાય નહી. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર મોટા ભાગે બાયોડેગ્રેડેબલ લખેલ હોય છે પરંતુ આ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ની ગુણવત્તા સારી હોતી નથી અને સસ્તા મીણના સોસલા તેમા બળતણ તરીકે વપરાય છે. જે બાયોડેગ્રેડેબલ નથી, તથા તે મોટી પર્યાવરણીય આપત્તી સર્જી શકે છે. ભુતકાળમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ને કારણે તહેવારો દરમ્યાન આગના બનાવો બનેલા હોય તેના ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય આ બાબતે જનજાગૃતિ કેળવવા માટે પ્રતિબંધાત્મક પગલા ભરવા જરૂરી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઈ રહે તે હેતુસર તા.૧૬/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક. HD/MIS/e.file/8/2025/0778/SB2, તા. ૧૭/૦૯/૨૦૨૫ થી સુચના થઈ આવેલ છે.

સબબ, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવ્યા મુજબની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ:-

(૧) સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી- વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(૨) ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી - વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

સદરહું જાહેરનામું તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય નાગરિક ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે, તેનાથી ઉપરના દરજજાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છું.

આજ તા. ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો હુકમ.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૪૨/૨૦૨૫.-આગામી દિવસોમાં વીવીઆઈપી મુવમેન્ટ થનાર હોવાની શકયતા રહેલી હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૦૪/૧૨/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૭/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય /જાહેરનામુ/ ૧૬૨૬/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૦૪/૧૨/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

વંચાણમાં લીધુ :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓના તા.૨૮/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/સ્પા-મસાજ પાર્લર/જાહેરનામુ/૧૫૪૭/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૧૩૮/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓના આમુખ-(૧)ના પત્રમાં જણાવ્યાનુસાર અત્રેના આણંદ જિલ્લામાં રહેણાંક તથા ઔધોગિક વિસ્તારમાં સ્પ/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનુ જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનુ જણાઈ આવેલ છે. તેમજ ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે અસામાજીક તત્વો આવી પ્રવૃતીને અંજામ આપતા હોય છે તેમજ સ્પા/મસાજ સેન્ટરોમાં વિદેશી મહિલાઓ મસાજની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. આ સ્થિતિને નિવારવી અત્યંત જરૂરી છે.

વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ તેમજ ભારતના વીવીઆઈપીશ્રીઓની મુલાકાતે આવતા જતા હોય, તેમજ આણંદ જીલ્લાની હોટલોમાં રોકાયેલ યુવક, યુવતિઓ અનુસંધાને અનિચ્છનીય બનાવ બનેલાનુ ધ્યાને આવેલ. આવા બનાવોની સમાજમાં ખુબજ ખરાબ અસર પડતી દેખાયેલ હોય, તદઉપરાંત વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુનાહીત કૃત્યો અટકાવવા સ્પા/મસાજ પાર્લરોના માલીકોએ નીચે જણાવ્યા મુજબ પાલન કરવુ જરૂરી છે.

<table>
<tr><th>અ.નુ.</th><th>વિગત</th><th>રીમાર્કસ</th></tr>
<tr><td>૧.</td><td>સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નુ નામ તથા સરનામું ટેલીફોન નંબર.</td><td></td></tr>
<tr><td>૨.</td><td>સ્પા/ મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહીતની)</td><td></td></tr>
<tr><td></td><td>(૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા.</td><td rowspan="11"></td></tr>
<tr><td></td><td>હાલનું સરનામું-</td></tr>
<tr><td></td><td>મુળ વતન નું સરનામું-</td></tr>
<tr><td></td><td>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)</td></tr>
<tr><td></td><td>(૨) જો તેઓ વિદેશી હોય. તો.
- તેમનો પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)
- કયા વિઝા ઉપર ભારતમાં આવેલા છે. તેની વિગતઃ-</td></tr>
<tr><td></td><td>હાલનું સરનામું-</td></tr>
<tr><td></td><td>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)</td></tr>
<tr><td></td><td>સ્પા/ મસાજપાર્લર ચલાવનાર/ સંચાલક નો પાસ પોર્ટ સાઈઝનો ફોટો.
કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો.
પોલીસ સ્ટેશનના સહિ,સીક્કા અને તારીખ
સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી
સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ-</td></tr>
</table>

૩.	:: નિયમો :: ૧.આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે. ૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનુ ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજુ કરવાના રહેશે. ૫. ગુમાસ્તા ધારા હેઠળનુ રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. ૬. જી.એસ.ટી. નંબર મેળવવાનો રહેશે.	

રાષ્ટ્રીય હીત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારુ પ્રવર્તમાન સજોગો ને અનુલક્ષી જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔધોગિક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ઉપર નિયંત્રણ લાવવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ વંચાણમાં લીધેલ પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ,હું ઋતુરાજ દેસાઈ (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગર તો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે હુકમ કરૂ છું.

ઉપરોકત તમામ કાર્યવાહી સમગ્ર આણંદ જીલ્લાને લાગુ પડતા પોલીસ સ્ટેશન વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૯/૧૦/૨૦૨૫ થી તા.૨૬/૦૪/૨૦૨૬ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમમાં આણંદ જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ રોજ તા૨૯/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.06 11:31:39 IST